સંક્ષિપ્ત સમાચાર

દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં સાયબર સિક્યુરિટી સેમિનાર યોજાયો

દાહોદ : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયરી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજનાં COLLEGIATE WOMEN'S DEVELOPMENT COMMITTEE (CWDC) દ્વારા તા.18/08/2026 ના રોજ વિધાર્થિનીઓ માટે CWDC અંતર્ગત cyber securityના સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં cyber security expert તરીકે Mr. Chidrup Bhuta ને દ્વારા સાઈબર ક્રાઈમ અંગેની માહિતી આપવમાં આવી.

કલરવ શાળામાં ગણિત- વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું

હાલોલ : વિજ્ઞાન એ જ્ઞાનના આકાશમાં ઝળહળતો પ્રકાશપુંજ છે આધુનિક સમયમાં વિકાસ માટે વિજ્ઞાનથી જ આગળ વધી શકાય તેમ છે. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, તર્ક શક્તિ, સર્જનાત્મકતા અને સંશોધન વૃતિ કેળવાય તેવા હેતુથી શાળા કક્ષાએ તારીખ 19/8/26 ને બુધવારના રોજ વિજ્ઞાન-ગણિત મોડલ પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું હતું. GSEB ના નિયમ મુજબ શાળાના ધોરણ 6 થી 12 ના બંને માધ્યમના વિદ્યાર્થીઓ માટે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રદર્શનમાં કુલ 138 કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

કાલોલના દ્વારકેશ નગરમાં છેલ્લા શીતળા સાતમની ઉજવણી કરાઇ

કાલોલ : પવિત્ર શ્રાવણ માસના તહેવારોની હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે, ત્યારે શીતળા સાતમના પવિત્ર પર્વે કાલોલ સ્થિત દ્વારકેશ નગર સોસાયટી ખાતે ભક્તિસભર માહોલ જોવા મળ્યો હતો. દ્વારકેશ નગરમાં રહેતા પુનમભાઈ વરિયાના ઘરે છેલ્લા ૪૦ વર્ષથી પણ વધુ સમયથી ચાલી આવતી પરંપરા મુજબ આ વર્ષે પણ શીતળા માતાજીની માટીની મૂર્તિ બનાવીને વિધિવત સ્થાપના અને પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

બ્રહ્માકુમારી દ્વારા કાલોલ વકીલ મંડળના વકીલોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વ ઉજવ્યો

કાલોલ : ભાઈ બહેનના પવિત્ર પ્રેમ નું પ્રતીક એવા રક્ષા બંધન ની ઉજવણી અર્થે કાલોલ બ્રહ્માકુમારી ના વર્ષાબેન તેમજ હરદીપ ઉપાધ્યાય કાલોલ કોર્ટ ખાતે હાજર રહ્યા હતા અને બ્રહ્માકુમારી ના બહેનો દ્વારા વકીલોને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે કાલોલ બાર એસોસિયેશન ના ઉપપ્રમુખ મનોજભાઈ વણકર સેક્રેટરી કાન્તિભાઈ સોલંકી જોઈન્ટ સેક્રેટરી કલ્પેશભાઈ સોલંકી અને હોદ્દેદારો અને વકીલ મિત્રો હાજર રહ્યા હતા

હાલોલ મામલતદાર કચેરી સ્થિત સબ રજિસ્ટ્રાર કચેરીમાં જમીન પચાવવાનો કિસ્સો

વૃદ્ધ મહિલાની માલિકીની ખેતીની જમીનનો બોગસ દસ્તાવેજ બનાવી પચાવી પાડવાનો કારસો

હાલોલ પોલીસે 7 ઇસમો સામે છેતરપીંડીનો ગુનો નોંધ્યો

(પ્રતિનિધી) હાલોલ, તા.19 ગોધરા ખાતે રહેતા અને મૂળ મેડીગામના ૬૦ વર્ષીય શારદાબેન રમેશચન્દ્ર પરમારે હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, મોજે મઘાસર ગામમાં આવેલી સર્વે નંબર ૧૭ વાળી ખેતીની જમીન તેમણે વર્ષ ૨૦૦૫માં કાયદેસર રીતે રજિસ્ટર્ડ દસ્તાવેજ થી ખરીદી હતી અને ત્યારથી તેઓ જ તેના સ્વતંત્ર માલિક છે. માર્ચ ૨૦૨૬માં જય નામની એક વ્યક્તિએ ફરિયાદીના પુત્ર ઉમેશનો સંપર્ક કરી દાવો કર્યો હતો કે, મઘાસરના રાઠોડ દિલિપભાઈ રમેશભાઈએ શારદાબેનને પોતાની માતા બતાવીને આ જમીનનો બાનાખત કરી આપ્યો છે. તે સમયે બાનાખતમાં શારદાબેનની જગ્યાએ અન્ય કોઈ મહિલાનો ફોટો હતો. ત્યારબાદ, ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ફરિયાદીના પરિવારે જમીનના ૭/૧૨ના ઉતારા કઢાવતા જાણવા મળ્યું હતું કે જમીનના માલિકી હક્કમાં શારદાબેનના નામને બદલે અન્ય ત્રણ ખરીદદારોના નામ દાખલ થઈ ગયા હતા. બીજી મહિલાનો અંગૂઠો મારી બોગસ દસ્તાવેજ બનાવ્યો તપાસ કરતા સામે આવ્યું કે ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ ફરિયાદી શારદાબેનની જગ્યાએ આરોપી દિલિપ રાઠોડે પોતાની દાદી અમરતબેન રાઠોડને ઊભા રાખી, તેમનો અંગૂઠો મારીને અને બોગસ ઓળખ ઊભી કરીને બોગસ વેચાણ દસ્તાવેજ બનાવી લીધો હતો.

શારદાબેન ભણેલા હોવાથી સહી કરે છે, જ્યારે આ દસ્તાવેજમાં ખોટો અંગૂઠો મારવામાં આવ્યો હતો તથા કોઈ પણ આઈ.ડી. પ્રૂફ પણ રજૂ કરવામાં આવ્યા ન હતા. પોલીસે ફરિયાદી શારદાબેનની વિધિવત ફરિયાદના આધારે પોલીસે ૧.દિલિપભાઈ રમેશભાઈ રાઠોડ (રહે. મઘાસર, તા. હાલોલ,૨. અમરતબેન ગણપતસિંહ રાઠોડ (રહે. મઘાસર, તા. હાલોલ,૩. જયંતીભાઈ ચંદુભાઈ પરમાર (ઓળખ આપનાર - રહે. મઘાસર, તા. કાલોલ,૪. હિરેનકુમાર નરવતસિંહ પરમાર (ઓળખ આપનાર - રહે. વરીયા કોલોની, હાલોલ,૫. રાકેશભાઈ નારણભાઈ પરમાર (દસ્તાવેજમાં ખરીદનાર - રહે. ખંડોળી, તા. કાલોલ,૬. વિરલકુમાર ધીરૂભાઈ દેત્રુજા (દસ્તાવેજમાં ખરીદનાર - રહે. વાઘોડિયા રોડ, વડોદરા,૭. સુરેશભાઈ ચન્દ્રસિંહ સોલંકી (દસ્તાવેજમાં ખરીદનાર - રહે. મંગલમૂર્તી બંગ્લોઝ, હાલોલ નાઓ સામે વિવિધ કલમો હેઠળ કાવતરું અને છેતરપિંડીનો ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલનુ આયોજન

સરકારી દવાખાના ઝાલોદ ખાતે મફત મોતિયા ઓપરેશન કેમ્પ યોજાશે

(પ્રતિનિધી) દાહોદ, તા.19 દ્રષ્ટિ નેત્રાલય આંખની હોસ્પિટલ દાહોદ દ્વારા તારીખ ૨૦-૦૮-૨૦૨૬ વાર ગુરુવારે સ્થળ સરકારી દવાખાના ઝાલોદ ખાતે સવાર ના 9-00 થી 1 વાગ્યા સુધિ મોતિયાના મફત ઓપરેશન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ છે

રોજ સવારના 8 વાગ્યાથી બપોરના 1:00 વાગ્યા સુધી સરકારી દવાખાના ઝાલોદ ખાતે મોતિયાના મફત તપાસ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે આ નેત્રયજ્ઞ ઝાલોદ શહેર અને આસપાસના ગામોના ગરીબ અને જરૂરિયાતવાળા લોકો લાભ લે તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે

આ નિદાન કેમ્પમાં મોતિયા ઝામર ત્રાંસી આંખ પડદા પરવાળા બાળ મોતીયા તમામ આંખની તકલીફ વાળા દર્દીઓની તપાસ કરી દ્રષ્ટિ નેત્રાલય ખાતે ઓપરેશન વાળા દર્દીઓ માટે જમવાનું રહેવાનું તેમજ નેત્રમણી સાથે અત્યંત આધુનિક અને અધતન સગવડો થી સુસજ્જ દ્રષ્ટિ નેત્રાલય ખાતે મફત ઓપરેશન કરવામાં આવશે તપાસ કરાવવા આવનાર દર્દીઓએ રાશનકાર્ડ તેમજ આધાર કાર્ડની ઝેરોક્ષ સાથે એક સગાને લાવવો ફરજિયાત છે ઓપરેશન વાળા દર્દીઓને દ્રષ્ટિ નેત્રાલયના વાહન દ્વારા દ્રષ્ટિ નેત્રાલય ચાકલિયા રોડ દાહોદ ખાતે લઈ જવામાં આવશે દ્રષ્ટિ નેત્રાલય દાહોદના પ્રબંધક ડાયરેક્ટર ડોક્ટર શ્રેયાબેન મેહુલભાઈ શાહ દ્વારા આ અંધાપા નિવારણમાં સ્વયં લોકો લાભ લે તેમજ છેવાડાનો માણસ અંધ ના રહી જાય તે માટે ગુરુવારે ઓપરેશનની સગવડ રાખવામાં આવેલ છે

ભારતીય વિજ્ઞાનનું ગૌરવ કરતી સંસ્થા વિજ્ઞાન ભારતી

વિદ્યાર્થી વિજ્ઞાન મંથન અંગે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.19 ભારતીય વિજ્ઞાનનું ગૌરવ કરતી સંસ્થા વિજ્ઞાન ભારતી દ્વારા દર વર્ષે ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ સ્પર્ધા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન VVM દેશભરમાં યોજાય છે. જેમાં ગુજરાતના દર વર્ષે ધોરણ 6 થી 11ના દસ હજાર વિદ્યાર્થીઓ ભાગ લે છે. ગુજરાતમાં વિજ્ઞાન ગુર્જરી અંતર્ગત આ પ્રવૃત્તિમાં સ્ટેટ કોઓર્ડીનેટર તરીકે કમલેશ લીમ્બાચીયા, અતુલ વ્યાસ અને પ્રિ મનસુખભાઈ નારીયા જવાબદારી સંભાળે છે. તેમના જણાવ્યા મુજબ આ વર્ષે VVM પ્રવૃત્તિને વધુ અસરકારક બનાવવાના હેતુથી GTU , અમદાવાદ ખાતે એક રાજ્ય લેવલનો સેમિનાર યોજાયો હતો. તેમાં મુખ્ય

અતિથી તરીકે નાગપુરથી નરેશ ચાફેકર (નેશનલ કોઓર્ડીનેટર) એ માર્ગદર્શન અને VVM અંગે માહિતી આપી હતી. શ્રી જીગ્નેશભાઈ બોરીસાગરે વિજ્ઞાન ગુર્જરીની પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

મનસુખ નારીયાએ vvm અંગે પ્રેઝન્ટેશન કર્યું હતું. કમલેશ લીમ્બાચીયા એ વીવીએમ રજીસ્ટ્રેશન ની માહિતી આપી હતી. દરેક જિલ્લા માંથી પધારેલ 28 ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર મિત્રોએ પોતાના જિલ્લામાં યોજેલ VVM પ્રવૃત્તિઓનો રિપોર્ટ આપ્યો હતો,

---

દુષ્કર્મ કેસમાં આરોપીને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદ ૫૦,૦૦૦નો દંડ ફટકાર્યો

દાહોદ : કેસની ટૂંકમાં હકીકત એમ છે. કે -દાહોદ જીલ્લા નાં એક ગામમાં રહેતી સગીરવયની ભોગ બનનાર દિકરીને આરોપી. ભાથીભાઈ પ્રતાપ ભાઈ ગરાણીયા. રહેવાસી, સંતરામપુર. ભાનસીમળ ફુંડ ફળીયુ. જી. મહીસાગર નાં ની આશરે દોઢેક વર્ષ પહેલા પત્ની તરીકે રાખવા ભગાડી લઈ જઈ અલગ-અલગ જગ્યા એ લઈ જઈ તેની સાથે દુષ્કર્મ કરેલ. જેની ફરીયાદ ભૌ.બ.નાં પિતાએ દાહોદ રુલર પોલીસ સ્ટેશન માં કરેલ. પોલીસે તમામ પુરાવા એકત્ર કરી નામદાર સ્પેશયલ પોકસો કોર્ટે માં ચાર્જશીટ કરેલ. ત્યારબાદ સદર કેસ દાહોદની સ્પેશયલ પોકસો કોર્ટ ચૌથા એડી. જજે એચ. પી.પટેલની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ દ્વારા રજૂ કરેલી ડોક્યુમેન્ટરી પુરાવા તથા મૌખિક પુરાવા તથા સરકારી વકીલ ટી.ના. સોની ની દલીલો ધ્યાને લઈ નામદાર. સ્પેશયલ પોકસો કોટ નાં જજ. એચ. પી. પટેલ આરોપી ભાથીભાઈ પ્રતાપભાઈ ગરાસીયા ને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂ. ૫૦,૦૦૦/- દંડ ફટકાર્યો છે.

પોલીસે ૩.૧૩,૪૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા

વેજલપુર પશુ દવાખાના પાછળ જુગાર રમતા ચાર ઈસમો ઝડપાયા

શ્રાવણ માસ ચાલતો હોઇ જુગારીઓમાં મોસમ પૂર બહારમાં ખીલી છે

(પ્રતિનિધી) કાલોલ, તા.19 વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પશુ દવાખાનાની પાછળ ઝાડી ઝાંખરામાં વરલી મટકાનો જુગાર રમાડી રહેલા ચાર ઈસમોને ગોધરા LCB ટીમે રેઇડ કરીને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા તથા જુગારનું સાહિત્ય જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગોધરા LCB પોલીસનો સ્ટાફ વેજલપુર વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન વેજલપુર-મહેલોલ ચોકડી પાસે બાતમી મળી હતી કે પશુ દવાખાના પાછળ આવેલ ઝાડીઓમાં કેટલાક ઈસમો વરલી મટકાના આંકડા લખી પૈસા વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે બે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો.

રેઇડ દરમિયાન પોલીસે સ્થળ પરથી ચાર ઈસમોને કોર્ડન કરીને પકડી પાડ્યા હતા:

મિતેષભાઈ દિલીપભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૬, રહે. મહેલોલ, તા. ગોધરા) અનિશ અબ્દુલ રહેમાન નાના (ઉ.વ. ૩૨, રહે. વેજલપુર મોટા મહોલ્લો, તા. કાલોલ) ભરતકુમાર કાન્તિલાલ પરમાર (ઉ.વ. ૩૦, રહે. વેજલપુર , તા. કાલોલ) કાળુભાઈ ગોરધનભાઈ નાયક (ઉ.વ. ૫૫, રહે. કાલંત્રા જમનાપુરા ફળિયું, તા. કાલોલ)

પોલીસે આરોપીઓની અંગ ઝડતી લેતા તેમની પાસેથી રોકડા ૧૩,૪૦૦/-, વરલી મટકાના આંકડા લખેલી સ્લીપબુક, કાર્બન પેપર, બોલપેન તથા આંકડા લખેલ પરચીઓ કબ્જે કરી હતી. આ મામલે પોલીસે ચારેય આરોપીઓ સામે જુગારધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. દિગ્પાલસિંહને સોંપી છે.

કાલોલ મામલતદારનો ગેરકાયદે રેતી ખનન સામે સપાટો

એક જ દિવસમાં અલગ-અલગ જગ્યાએથી ૫ ટ્રેક્ટર ઝડપાયા

(પ્રતિનિધી) કાલોલ, તા.19 કાલોલ તાલુકામાં ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન વિરુદ્ધ મામલતદાર તંત્રે લાલ આંખ કરી છે. મંગળવારે મામલતદાર અને સર્કલ ઓફિસરની ટીમે હાથ ધરેલા અચાનક ચેકિંગ દરમિયાન અલગ-અલગ ત્રણ સ્થળોએથી ગેરકાયદે રેતી ખનન અને વહન કરતા કુલ ૫ ટ્રેક્ટરો ઝડપી પાડી કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરી છે.

રામનાથ (ગોમા નદી પટ): તપાસ ટીમ પહોંચતા કેટલાક વાહનો ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા, પરંતુ સ્થળ પરથી રેતી ભરેલી હાલતમાં ૩ ટ્રેક્ટર ઝડપી પાડવામાં આવ્યા હતા.

નાંદરખા ચોકડી: ગેરકાયદે રેતીનું વહન કરતું ૧ ટ્રેક્ટર પકડાયું હતું. કાતોલ (ગોમા નદી તટ/નર્મદા કેનાલ પાસે): મોડી સાંજે નદીના પટ અને કેનાલ નજીકના ખાડાઓમાંથી ખનન કરતું ૧ ટ્રેક્ટર ઝડપાયું હતું.આ તમામ વાહનોના ચાલકો કે માલિકો પાસે કોઈ પણ પ્રકારની રોયલ્ટી પરમિટ કે ચલણ મળી આવ્યું ન હતું. આથી તમામ વાહનોને મામલતદાર કચેરી ખાતે જપ્ત કરવામાં આવ્યા છે.

માખી મચ્છરનો ઉપદ્રવ ડામવા દાહોદ પાલિકા દ્વારા કવાયત, દાહોદમાં વિવિધ વિસ્તારોમાં ફોગિંગ મશીનનો ઉપયોગ કરાયો

દાહોદ : દાહોદ શહેરમાં ગત વર્ષની સરખામણીમાં આ વખતે ઓછો વરસાદ થવાને કારણે અને છેલ્લા કેટલાય દિવસોથી વાદળછાયુ વાતાવરણ રહેવા છતાં વરસાદ મન મૂકીને ન વરસતા માખી તેમજ મચ્છરનો ઉપદ્રવ વધી જતાં ખાંસી, શરદી, તાવ, વાયરલ ઈન્ફેક્શન, ઝાડા ઉલટી તેમજ અન્ય પાણીજન્ય રોગોએ માથું ઉંચકતા દાહોદ નગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા માથું ઊંચકી રહેલા ઉપરોક્ત રોગોને કાબુમાં લેવા પાણી આવતા પહેલા પાળ બાંધવાની નીતિ રીતિ અખત્યાર કરી ગઈકાલે દાહોદ નગરપાલિકા દ્વારા શહેરના પ્રસારણ નગર, માતંગ નગર સહિતના નદી પરના અન્ય વિસ્તારોમાં માખી, મચ્છરનો ઉપદ્રવ ઘટાડવા ફોગિંગ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ફટાકડા ફેક્ટરીમાં ભોગ બનનાર મલેકપુરના દંપતિના પરિવારને ૮ લાખની સહાય

સિંગવડ : સિંગવડ તાલુકાના મલેકપુર ગામના સ્વ. ગોવિંદભાઈ ધીમાભાઈ ડામોર અને ઉષાબેન ગોવિંદભાઈ ડામોર છૂટક મજૂરી માટે અમદાવાદની ફટાકડાની ફેક્ટરીમાં કામ કરવા ગયા હતા. તે દરમિયાન ફેક્ટરીમાં ગોઝારો અકસ્માત સર્જાતા ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં પતિ-પત્ની બંનેનું કરુણ મૃત્યુ થયું હતું મૃતક દંપતીના પરિવારમાં 1 પુત્રી અને 2 પુત્રો છે. પરિવારની આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે માનવતાના ધોરણે મદદ કરવાનો નિર્ણય કર્યો. દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા દાસા સમાજ ઘર ખાતે મૃતકોના પરિવારને સહાયના ચેક આપવામાં આવ્યા.

આગામી તહેવારોને અનુલક્ષીને પંચમહાલ જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ બહાર પડાયું

પંચમહાલ જિલ્લામાં ડી.જે.,લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવાયો

જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે

(પ્રતિનિધી) ગોધરા, તા.19 પંચમહાલ જિલ્લામાં ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગો, સરઘસો અને વરઘોડા દરમિયાન ડી.જે. અને લાઉડસ્પીકરના અતિશય અવાજથી થતા ધ્વનિ પ્રદૂષણ, ટ્રાફિકની ગંભીર અડચણો તથા જાહેર આરોગ્યને થતા નુકસાનને ધ્યાને રાખીને તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.જે. પટેલ દ્વારા એક વિશેષ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા અનુસાર તા.૧૮ઓગસ્ટથી તા.૧૭ ઓક્ટોબર સુધી રાત્રે ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી સમગ્ર પંચમહાલ જિલ્લામાં ડી.જે.ના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. જાહેરનામાની જોગવાઈ મુજબ, નિયત સમય સિવાય ડી.જે.નો ઉપયોગ કરવા માટે વાહનની RTO પરવાનગી, સંબંધિત તાલુકાના મામલતદાર, પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ તથા GPCB ની પૂર્વ મંજૂરી મેળવવી ફરજિયાત બનાવવામાં આવી છે. વધુમાં, સરકારી કચેરીઓ, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારને 'શાંત વિસ્તાર' જાહેર કરાયો હોવાથી ત્યાં ડી.જે. વગાડી શકાશે નહીં. ઔદ્યોગિક, વાણિજ્યિક, રહેણાંક અને શાંત વિસ્તારો માટે દિવસ તથા રાત્રિ દરમિયાન અવાજની તીવ્રતાના ડેસિબલના ધોરણો પણ નક્કી કરવામાં આવ્યા છે.

તેમજ કોમી લાગણીઓ ઉશ્કેરાય તેવા ગીતો કે ઉચ્ચારણો પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. હાઈવે પર ડી.જે.ના અવાજને કારણે થતા વાહન અકસ્માતો અટકાવવા અને દર્દીઓ, વિદ્યાર્થીઓ તેમજ સીનિયર સિટીઝન્સની સલામતી માટે આ કડક નિયમો લાગુ કરાયા છે, અને આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

કતવારા પો.મથકની હદમાંથી અજાણ્યા પુરુષની લાશ અંગે વાલીવારસની શોધખોળ

(પ્રતિનિધી) દાહોદ, તા.19 તા. ૧૧/૦૮/૨૦૨૬ ના રોજ રાત્રે ૧૦:૩૦ વાગ્યાથી તા. ૧૨/૦૮/૨૦૨૬ ના સવારના ૦૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન ઈન્દોર-અમદાવાદ હાઈવે રોડ પરથી આશરે ૩૫ વર્ષની વયના એક અજાણ્યો પુરુષ મૃત હાલતમાં મળી આવ્યો હતો. દાહોદ સરકારી હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજ રૂમમાં રાખવામાં આવી છે. મૃતકની ઉંમરઃ આશરે ૩૫ વર્ષ બાંધોઃ પાતળો રંગઃ ઘઉંવર્ણો વાળઃ કાળા પહેરેલા કપડાં ગુલાબી કલરનું શર્ટ અને કાળા કલરનું પેન્ટ આ વર્ણનવાળા પુરુષ અથવા તેના સગા-સંબંધીઓ અંગે કોઈને પણ જાણકારી મળે, તો કતવારા પોલીસ સ્ટેશને સંપર્ક કરવા જણાવાયુ છે.

કાલોલ વિભાગમાં ૩૧ ઓગસ્ટ સુધી હેલ્મેટ ડ્રાઇવ યોજાશે

પોલીસે વાહન ચાલકોને ગુલાબનું ફૂલ આપી માર્ગ સલામતી અંગે માર્ગદર્શન આપ્યું

(પ્રતિનિધી) કાલોલ, તા.19 રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં થતાં મૃત્યુમાં દ્વિચક્રી વાહનોની સંડોવણી વધુ હોવાના પગલે હેલ્મેટના ફરજિયાત ઉપયોગ અંગે રાજ્યવ્યાપી વિશેષ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત કાલોલ સહિત ગોધરા, કાલોલ અને હાલોલ વિભાગમાં પોલીસ દ્વારા હેલ્મેટના નિયમોનું કડક પાલન કરાવવા કામગીરી હાથ ધરવામાં આવી છે.પોલીસ વિભાગની માહિતી મુજબ રાજ્યમાં થતા અકસ્માતજન્ય

મૃત્યુમાં મોટાભાગના મૃત્યુ દ્વિચક્રી વાહનો સાથે સંકળાયેલા હોય છે. હેલ્મેટ નહીં પહેરવાના કારણે મોટી સંખ્યામાં લોકો અકસ્માતમાં જીવ ગુમાવે છે. અકસ્માતોમાં મૃત્યુદર ઘટાડવા તેમજ નાગરિકોમાં હેલ્મેટના ઉપયોગ અંગે જાગૃતિ લાવવા સ્થાનિક કક્ષાએ વિવિધ અવેરનેસ કેમ્પેઇન યોજવામાં આવી રહ્યા છે. હેલ્મેટ ડ્રાઇવ દરમિયાન પોલીસ દ્વારા માત્ર દંડાત્મક કાર્યવાહી જ નહીં, પરંતુ લોકોને માર્ગ સલામતી અંગે જાગૃત કરવા પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાહદારીઓ અને વાહનચાલકોને ગુલાબનું ફૂલ આપી હેલ્મેટ પહેરવા તથા ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અંગે સમજણ આપવામાં આવી રહી છે.